પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૭૩ | ૨૪ મે, ૨૦૧૭, બુધવાર ; વૈશાખ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

હોલીવુડના અભિનેતા રોઝર મુરેનું અવસાન

જેમ્સ બોન્ડ ફેમ હોલીવુડના જાણીતા અભિનેતા રોઝર મુરેનું ૮૯ વર્ષની વયે અવસાન થયું છે. સ્વર્ગસ્થના પરિવારે ટ્વીટર પર ચાહકોને જાણ કરી હતી.

જાણીતા તાંત્રિક ચંદ્રાસ્વામીનું નિધન

જાણીતા તાંત્રિક ચંદ્રાસ્વામીનું નિધન થયુ છે. ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના શાસનકાળમાં

ચંદ્રાસ્વામી ભારે ચર્ચામાં રહ્યા હતા.

મીસા ભારતીના સીએની ધરપકડ

લાલુ પ્રસાદ યાદવની દિકરી મીસા ભારતીના સીએ રાજેશ અગ્રવાલની એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટે

ધરપકડ કરી છે. આઠ હજાર કરોડના મની લોન્ડરીંગ કેસ મામલે તેઓની ધરપકડ કરવામાં આવી છે.

ભારતનું કિમ્બર દુનિયાનું સૌથી ઉંચુ ગામ

હિમાચલ પ્રદેશમાં સ્પીટીવેલીમાં કિમ્બર નામનુ ગામ દુનિયામાં સૌથી ઉંચાઈએ વસેલુ ગામ છે. બરફવર્ષા સમયે સમગ્ર ગામ આઠ-દસ ફૂટ બરફથી છવાઈ જાય છે ત્યારે બસ સેવા ચાલુ રાખવા બદલ લીમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત થયેલ છે.

આફ્રિકાના વિકાસ માટે ભારત ખભેખભા મિલાવશે

ગાંધીનગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની બાવનમી વાર્ષિક સામાન્ય સભાનો શાનદાર શુભારંભ : ભારત અને આફ્રિકા વચ્ચેનો દ્વિપક્ષીય સંબંધો વિકાસની વિશેષ તકો નિર્માણ કરશે : અરૂ જેટલી : આફ્રિકન દેશોના વિકાસમાં ભારતનો સહયોગ વિકાસની નવી દિશા ખોલી આપશે : એએફડીબીના પ્રમુખ શ્રીયુત ડો. આદેસિના

ગાંધીનગર, તા. ૨૩

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની બાવનમી એન્યુઅલ જનરલ મિટીંગનો વિધિવત શુભારંભ કરાવ્યો હતો. ૮૧ સભ્ય દેશોના ૩૦૦ થી વધુ પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ઈતિહાસમાં સૌપ્રથમ વખત આફ્રિકાની બહાર યોજાઈ રહેલી આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની વાર્ષિક બેઠકને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, ભારત ભલે રમતના ક્ષેત્રમાં લાંબી રેસમાં આફ્રિકાની બરોબરી ના કરી શકે, પરંતુ આફ્રિકાના ઉજ્જવળ ભવિષ્ય માટે લાંબા સમયગાળા સુધી ખભેખભા મિલાવીને જરૂર દોડી શકશે. તેમણે બેઠક સફળ અને ફળદાયી રહે તે માટે શુભકામનાઓ પાઠવી હતી.

'કૃષિ રૂપાંતરણથી આફ્રિકન દેશોમાં સમૃદ્ધિ નિર્માણ'ની થીમ પર આયોજિત આફ્રિકન ડેવલપમેન્ટ

● અનુસંધાન પાન-૭ પર

પાકની અનેક ચોકીઓ સેનાએ ફૂંકી મારી

ઘુસણખોરીને પ્રોત્સાહન આપી રહેલા પાકિસ્તાનને ફરી જવાબ : નવમી મેના દિવસે રોકેટ લોન્ચર્સ, એન્ટી ટેંક ગાઇડેડ મિસાઇલ, ઓટોમેટેડ ગ્રેનેડ લોન્ચર્સ સાથે સેનાની ફરીવાર જોરદાર કાર્યવાહી : સત્તાવાર જાહેરાત

નવી દિલ્હી,તા. ૨૩

ભારતીય સેનાએ આજે દાવો કર્યો હતો. સરહદ પારથી કરવામાં આવી રહેલા હુમલાને રોકવા માટે આતંકવાદ વિરોધી રણનીતિ હેઠળ હાલમાં જ કરવામાં આવેલી કાર્યવાહીમાં જમ્મુ અને કાશ્મીરમાં અંકુશરેખા સાથે જોડાયેલી પાકિસ્તાની સેનાની અનેક ચોકીઓને ફૂંકી મારવામાં આવી છે. મેજર જનરલ અશોર નરુલાએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, પાકિસ્તાન સેના સશસ્ત્ર ઘુસણખોરીની મદદ કરે છે. રાજૌરી જિલ્લામાં સરહદી સેક્ટર નૌશેરામાં ભારતીય સેનાએ જોરદાર કાર્યવાહી કરી છે અને અનેક પાકિસ્તાની સેનાની ચોકીઓને ફૂંકી મારવામાં આવી છે. આ હુમલો ક્યારે કરવામાં આવ્યો તે અંગે પૂછવામાં આવતા નરુલાએ કહ્યું હતું કે, હાલમાં જ ભારતીય સેનાએ આ ઓપરેશન પાર પાડ્યું હતું. તેમણે વિસ્તૃત માહિતી આપી

● અનુસંધાન પાન-૭ પર



બાલાકોટ સેક્ટરમાં પુનઃ પાકિસ્તાનનો ગોળીબાર

યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર : વર્ષ ૨૦૧૬માં ૪૪૯ વખત યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરાયો છે : હજારો નાગરિકોને ગોળીબારથી અસર

નવી દિલ્હી,તા. ૨૩

પાકિસ્તાની રેન્જર્સે જમ્મુ કાશ્મીરના બાલાકોટ સેક્ટરમાં અંકુશરેખા નજીક ભારતની ચોકીઓ ઉપર ફરીવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો છે. સંરક્ષણ પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, પાકિસ્તાની સેના દ્વારા ફરીવાર યુદ્ધવિરામનો ભંગ કરીને અડધી રાત બાદ ગોળીબાર કરવામાં આવ્યો હતો. ૧૨.૩૦ મિનિટે આ ગોળીબારની શરૂઆત થઇ હતી. નાગરિક વિસ્તારોમાં પણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ગોળીબારનો દોર વહેલી પરોઢ સુધી ચાલ્યો હતો.

સિનેમા, ડીટીએચ સેવા વધારે સસ્તી થશે

નવી દિલ્હી,તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે આજે કહ્યું હતું કે, જીએસટી વ્યવસ્થા અમલી બની ગયા બાદ મનોરંજન, કેબલ અને ડીટીએચ સેવાઓ ઉપર કરવેરા ઘટશે. કારણ કે આના ઉપર રાજ્યો દ્વારા મુકવામાં આવતા મનોરંજન કરને જીએસટીમાં સામેલ કરી દેવામાં આવશે.

નાણા મંત્રાલય દ્વારા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, મનોરંજન કાર્યક્રમ અને સિનેમા ઘરમાં ફિલ્મો પહેલી જુલાઈથી અમલી બની રહેલી જીએસટી વ્યવસ્થા હેઠળ ૨૮ ટકાની કરવેરા શ્રેણીમાં આવી જશે. હાલમાં રાજ્ય સિનેમા ઘરોમાં ફિલ્મોના પ્રદર્શન ઉપર ૧૦૦ ટકા સુધી મનોરંજન કરવેરા લાગૂ કરવામાં આવે છે. મંત્રાલયનું કહેવું છે કે, આવી સ્થિતિમાં મનોરંજન સેવા જીએસટી હેઠળ નીચેના કરવેરાની શ્રેણીમાં આવી જશે.

બ્રિટનમાં પોપ સ્ટાર કોન્સર્ટમાં બ્લાસ્ટ

બ્લાસ્ટમાં ૨૨ના ફુરચેફુરચા : સમગ્ર યુરોપના સૌથી મોટા ઇન્ડોર એરેના માન્ચેસ્ટર એરેનામાં પોપસ્ટારના અરિયાના કોન્સર્ટમાં આત્મઘાતી બોંબર ત્રાટક્યો : ૬૦થી વધુ ઘાયલ થયા

માન્ચેસ્ટર, તા. ૨૩

વર્ષ ૨૦૦૫ના ૭મી જુલાઈના શ્રેણીબદ્ધ બોંબ ધડાકા બાદથી બ્રિટનમાં કરવામાં આવેલા હજુ સુધીના સૌથી વિનાશકારી ત્રાસવાદી હુમલામાં બાળકો સહિત ઓછામાં ઓછા ૨૨ લોકોના મોત થયા છે જ્યારે ૫૯ લોકો ઘાયલ થયા છે. આત્મઘાતી બોંબર ત્રાટકતા અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. સોમવારે મોડી રાત્રે માન્ચેસ્ટરમાં અમેરિકાની પોપસ્ટાર અરિયાના ગ્રાન્ડેના પોપ કોન્સર્ટમાં હજારો લોકો એકત્રિત હતા ત્યારે આ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. યુરોપના સૌથી મોટા ઈન્ડોર એરેના માન્ચેસ્ટર એરેનેમાં માર્યા ગયેલાઓમાં બાળકો અને ટીનેજરોનો સમાવેશ થાય છે. પોપ સ્ટારના હજારોની સંખ્યામાં ચાહકો અહીં એકત્રિત થયા હતા. ગ્રેટર માન્ચેસ્ટર પોલીસ વડા ઈયાન હોપકિંગ્સે કહ્યું છે કે, ઝડપથી તપાસ ચાલી રહી છે. બ્રિટનના માન્ચેસ્ટર શહેરમાં ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ દુનિયાભરમાં ખળભળાટ મચી ગયો છે. આત્મઘાતી હુમલામાં ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે

એકાઉન્ટન્ટ ઓફીસર

ટેલી, કોમ્પ્યુટર-એકાઉન્ટીંગ કામના જાણકાર

ઈન્ટરવ્યુ તા. ૨૫-૦૫-૨૦૧૭

સમય-સવારે ૧૨ થી ૨, સાંજે ૬ થી ૭

સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ

૩૦૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર

- પાસપોર્ટ ફોટો, મોડેલીંગ ફોટો શુટ
- બર્થડે, સગાઈ, પ્રી-વેડીંગ, વેડીંગની ફોટો ગ્રાફી તથા વિડીયો શુટિંગ
- સ્કુલ અને કૉલેજ ના આઈ કાર્ડ
- મગ પ્રિન્ટીંગ અને ટી-શર્ટ પ્રિન્ટીંગ

HARSH DIGITAL STUDIO

M. 94267 85259

બી-૧૧૧, મયુર એટ્રીયા, શેલ છબીલા રેસ્ટોરન્ટની બાજુમાં, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય